અહં મમેતિ મન્ત્રોઽયં, મોહસ્ય જગદાન્ધ્યકૃત
અયમેવ હિ નઞ્પૂર્વઃ, પ્રતિમન્ત્રોઽપિ મોહજિત

શ્લોકાર્થ: "હું" અને "મારું" આ મોહરાજાનો મંત્ર છે. આ મંત્ર જગતને અંધ કરે છે. નકારપૂર્વક આ જ "હું નહિ", "મારું નહિ" એ પ્રમાણે પ્રતિસ્પર્ધી (વિરોધી) મંત્ર પણ છે. જે મંત્ર મોહને જિતનારો છે. [કારણ કે તે ધર્મરાજાનો મંત્ર છે.]

ભાવાર્થ: પૂર્ણતા મગ્નતાથી પ્રાપ્ત થાય છે, મગ્નતા સ્થિરતાથી પ્રાપ્ત થાય છે, સ્થિરતા મોહ ત્યાગથી પ્રાપ્ત થાય છે. મોહવાસમાં મન સ્થિર થઈ શકતું નથી. આત્મ-સ્થિરતા માટેનો માર્ગ ગુપ્તિ છે. આત્માના ગુણો એ આત્માનું ધન છે. ગુણરૂપી ધન — પરસંયોગ અને પર સ્વભાવ સાથે ન જોડાય તેની કાળજી રાખવી એ ગુપ્તિ છે. મન એ આશ્રવનું ઘર છે. મમતાના રસથી બંધાયેલું મન સમતાના ઘરમાં પ્રવેશી શકતું નથી. અનાદિ અનંત કાળથી જડ પુદ્ગલમાં (પર દ્રવ્યમાં) આસક્ત થયેલો છે અને મોહાધીન બનેલો જડ પુદ્ગલના ભોગમાં આનંદ પામે છે.

આખા જગતને આંધળું કરનાર મોહરાજા છે. મોહનો ઉદય બે પ્રકારનો હોય છે.

(૧) દર્શન મોહનીયનો ઉદય અને
(૨) ચારિત્ર મોહનીયનો ઉદય.

**શંકા:** દર્શન મોહ નો ઉદય એટલે શું ?

**સમાધાન:** જિનેશ્વર ભગવંતોએ જે કહ્યું (ભાખ્યું) છે તે સંપૂર્ણ સત્ય છે એવી અડગ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. આ ગુણ ઉપર જે આવરણ કરે (ઢાંકે) તે દર્શન મોહનો ઉદય કહેવાય છે.

**શંકા:** ચારિત્ર મોહનો ઉદય એટલે શું ?

**સમાધાન:** આત્માની પોતાના શુદ્ધ સ્વરૂપમાં જે રમણતા છે તેને રોકનારો મોહનો ઉદય તે ચારિત્ર મોહનો ઉદય કહેવાય છે.

મોહને જીતવા માટેનો પ્રતિમંત્ર છે "ન હું, ન મમ" અર્થાત્ "હું નહિ અને મારું નહિ". નમસ્કાર મહામંત્ર મોહને જીતવાનો મંત્ર છે. ન-મો — મારું કોઈ જ નહિ. પર એ પર જ છે તેમાં મારું કાંઈ નહિ. આ મંત્ર દ્વારા આત્માએ, આત્મામાં, આત્માની રમણતા કરવાની છે.
જો આપણે સંસારમાં બધાના નાથ બનવું છે તો પરમાત્મા કદી પણ આપણા નાથ નહીં બને. જગતનું નાથપણું છોડી દઈએ તો પરમાત્મા આપણા નાથ થશે અને પછી બધી જ જવાબદારી પરમાત્માની થઈ જશે.
મોહના બે ભેદ છે. (૧) અપ્રશસ્ત મોહ અને (૨) પ્રશસ્ત મોહ.

**અપ્રશસ્ત મોહ:** પર દ્રવ્યોમાં જીવને થતો મોહ તે અપ્રશસ્ત મોહ છે. કોઈપણ પર પદાર્થમાં રાગ-દ્વેષ કર્યા તો તેનો સંયોગ-વિયોગ કરવામાં, તેનું સંરક્ષણ કે વિનાશ કરવામાં આ જીવ હિંસા-જૂઠ-ચોરી આદિ અઢારે પાપસ્થાનકો સેવે છે. આ ઉપરાંત ખોટા દેવ, ખોટા ગુરુ અને ખોટા

ધર્મ પ્રત્યેનો રાગ તે પણ ખોટે રસ્તે ચઢાવનાર છે. ઘણાં પાપ કરાવનાર છે. ભવભ્રમણ વધારનાર છે માટે તે પણ અપ્રશસ્ત મોહ છે.

પ્રશસ્ત મોહ : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યગ્તપ વગેરે ગુણો પ્રગટ થવામાં કારણભૂત એવા સુદેવ-સુગુરુ અને સુધર્મ પ્રત્યે જે મોહ થાય અર્થાત્ ધર્મના ઉપકારક તત્ત્વો પ્રત્યે થતો રાગ તે પ્રશસ્ત મોહ કહેવાય છે.

આત્મા સ્વભાવે વીતરાગ છે, માટે રાગ કરવો જ નહીં, પણ અપ્રશસ્તનો રાગ - સંસારના પાત્રો ઉપરનો રાગ છૂટતો નથી તો દેવ-ગુરુ અને ધર્મનું આલંબન લઈને એના પર રાગ કરવાનો છે. પરંતુ જેનામાં સામર્થ્ય છે તેણે આ રાગ પણ કરવાનો નથી.

પત્ની-પરિવાર પ્રત્યેનો રાગ ખૂબ હતો તે ઉઠાવીને પરમાત્મા પર લાવ્યા. આમ અપ્રશસ્તમાંથી પ્રશસ્તમાં જવાનું છે અને છેલ્લે પ્રશસ્તને પણ છોડવાનું છે કેમ કે તે 'વીતરાગતા'ને પ્રગટ થવામાં બાધક બને છે.

ગૌતમસ્વામીને પ્રભુ મહાવીર પ્રત્યે પ્રશસ્ત રાગ હતો. પ્રભુના નિર્વાણ પછી ખ્યાલ આવ્યો કે પ્રભુ તો વીતરાગી હતા. મને તેમના પર રાગ હતો. મારે પણ વીતરાગી બનવાનું છે. પ્રશસ્ત ભાવ છૂટી ગયો અને શુદ્ધ સ્વભાવ પ્રગટ થતાં જ કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું.

ટૂંકમાં અપ્રશસ્ત અને પ્રશસ્ત બંનેમાં થતાં મોહનો ત્યાગ કરવો તેને મોહત્યાગ કહેવાય છે. આવી જ શ્રદ્ધા રાખવી. જેમાંથી કોઈપણ પ્રકારનો મોહ હોય તો મોક્ષ થતો નથી.

શંકા: રાગ-દ્વેષની ટૂંકી વ્યાખ્યા શું છે?

સમાધાન: શરીર, પરિવાર કે પરદ્રવ્યનો સંગ કરાવે તે રાગ.

આત્માના ગુણ-વૈભવથી દૂર કરાવે તે દ્વેષ કહેવાય છે.

સાર: 'હું કંઈક છું' અને 'મારું કંઈક છે' આ બે વાત જગતને (જગતને) અંધ કરે છે.

જેમ ગયા ભવનું શરીર મૂકીને (કાર્મણ-તૈજસ શરીર સિવાય) અહીં આવ્યા તેમ જ હીને અહીંથી કંઈ લઈને જવાના નથી. તીર્થંકરનો આત્મા દેવલોકમાંથી ચ્યવીને માતાની કુક્ષિમાં આવે ત્યારે ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત અને અવધિ) લઈને આવે છે. દેવલોકનું એક પણ રત્ન લઈને આવી શકતા નથી.

એ શરીર જ મૂકીને પરભવમાં જવાનું છે તો શરીર ઉપર ચઢાવેલા દાગીના, વસ્ત્રો વગેરે લઈ જવાનો પ્રશ્ન જ નથી. ટૂંકમાં આત્માના ગુણો સિવાય આત્માનું કંઈ છે જ નહિ. તેથી મહોપાધ્યાય પૂજ્ય યશોવિજયજી આપણાંને મોહને જીતવાનો મંત્ર આપે છે.

'હું કંઈ નથી' અને 'મારું કંઈ નથી.'

શુદ્ધાત્મદ્રવ્યમેવાહં, શુદ્ધજ્ઞાનં ગુણો મમ
નાન્યોઽહં ન મમાન્યે, ચેત્યદો મોહાસ્ત્રમુલ્બણમ્

શ્લોકાર્થ: શુદ્ધ આત્મદ્રવ્ય એ જ હું છું અને શુદ્ધ જ્ઞાન (કેવળજ્ઞાન) એ જ મારો ગુણ છે. હું એનાથી જુદો નથી અને મારું કોઈ નથી. આ ભાવના (તત્ત્વચિંતન) મોહની જાળને ભેદનારું તીક્ષ્ણ શસ્ત્ર છે.

ભાવાર્થ:
શુદ્ધાત્મદ્રવ્યમેવાહં = શુદ્ધ+આત્મદ્રવ્યમ્ + એવ + અહં
હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું. શુદ્ધ એટલે અત્યંત નિર્મળ, પુદ્ગલના સંબંધથી રહિત, એકલો મારો આત્મા એ જ હું છું. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અવ્યાબાધ સુખ વગેરે અનંત ગુણ-પર્યાયવાળો હું છું. સ્વાભાવિક અનંત ગુણો અને સ્વાભાવિક અનંત પર્યાયો એ જ મારું સ્વરૂપ છે, પુદ્ગલોની સાથે જોડાવું એ મારું સ્વરૂપ નથી.
શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ હું મારી સ્વભાવદશામાં જ પરિણામ પામનારો પદાર્થ છું. વિભાવદશા કાલાન્તરે જવાવાળી છે. તે દશા મારી પોતાની નથી મોહના ઉદયથી આવેલી છે. હું મારા શુદ્ધ સ્વરૂપનો જ કર્તા અને શુદ્ધ સ્વરૂપનો જ ભોક્તા છું. હું જરા પણ મલીન નથી, પરદ્રવ્યોથી મિશ્ર નથી, પરદ્રવ્યો તે મારાં નથી. મોહના ઉદયથી મલીનતા આવેલી છે.

નાન્યોઽહં = ન + અન્યો + અહં અર્થાત્

શુદ્ધ આત્મ દ્રવ્ય સિવાય હું કંઈ નહિ.

ન મમાન્યદ્ = ન + મમ + અન્યદ્ અર્થાત્

ગુણો સિવાય કંઈ મારું નહિ.

જ્ઞાન ગુણ એ જ મારો ગુણ છે. બીજું કંઈ પણ મારું નહિ. તો જ્ઞાન ગુણ કેવો છે? નિર્મળ છે તે ગુણને કોઈ મલિન કરી શકતું નથી. સદાકાળ નિર્મળ રહે તેવો મારો ગુણ છે. જ્ઞાનાવરણીય આદિ કર્મો બદલને લાગે છે. તેનાથી આ જ્ઞાનગુણ વ્યવહારથી ઢંકાય છે (આવૃત્ત થાય છે.). એક સમયમાત્રમાં ત્રણે કાળના, ત્રણે લોકની અંદર રહેલા સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો, તથા ઉત્પાદ-વ્યય- અને ધ્રૌવ્ય આદિ અનંત અનંત ધર્મોવાળો મારો જ્ઞાનગુણ છે.

સોનાની બંગડી જો કાદવમાં પડી જાય તો આપણે કાદવમાંથી કાઢી લઈએ છીએ. કાદવ સોનામાં ગયો નથી. કાદવ કાઢ્યો એટલે બંગડી હતી તેવી ચોખ્ખી થઈ ગઈ. એ જ રીતે આત્મા શુદ્ધ છે પણ વર્તમાનમાં કર્મના કાદવથી લેપાયેલો છે.

આ પ્રમાણે સ્વ સ્વરૂપમાં જ મારાપણાની બુદ્ધિ અને પર પદાર્થોમાં પરપણાની બુદ્ધિ છે તે જ મોહનો નાશ કરનારું તીક્ષ્ણ શસ્ત્ર છે. મોહાસ્ત્રમુલ્બણમ્ = મોહાસ્ત્રમ્ + ઉલ્બણમ્ → (તીક્ષ્ણ)

અનાદિકાળથી વળગેલી એવી જે પરભાવદશા છે, તેના ઉચ્છેદ માટે જ મહાપુરુષોનો સતત પ્રયત્ન હોય છે. આ ભવે પણ આ જ પ્રયત્ન કરવા જેવો છે. કોઈપણ પુદ્ગલ દ્રવ્ય કે અન્ય જડ દ્રવ્ય પોતાનું છે જ નહીં, હતું નહિ અને થશે પણ નહીં, માટે તેવા પર પદાર્થ પ્રત્યે મોહ કરવો એ જ સંસાર પરિભ્રમણનું બીજ છે.

<u>શંકા</u>: મોહ-ત્યાગ અષ્ટકમાં બીજા શ્લોક દ્વારા આપણે શું બોધ લેવો જોઈએ ?

<u>સમાધાન</u>: આપણી દૃષ્ટિ દ્રવ્ય તરફ હોવી જોઈએ. આપણી દૃષ્ટિ પર્યાય તરફ છે. જો દ્રવ્ય તરફ દૃષ્ટિ હોય તો બધા જ આત્મા એકસરખા લાગે.

સમ્યગ્દૃષ્ટિ આત્માને કોઈ પૂછે કે તારું નામ શું ? તો તે પોતાનું નામ કહે પણ અંદરથી સમજે છે કે આત્માનું નામ ન હોય. આ તો આત્મા ઉપર લાગેલા કર્મના યોગે શરીરને ઓળખવા માટેનું નામ છે.

હું પરની નિંદા કરું તો એ વિચાર આવવો જોઈએ કે હું સિદ્ધ પરમાત્માની નિંદા કરી રહ્યો છું. કારણકે નિંદા એ સિદ્ધનું Row Material છે.

<u>શંકા</u>: તમે કહો છો કે શુદ્ધ જ્ઞાન એ આત્માનો ગુણ છે. આપણે આ ભવમાં જ્ઞાનસાર, કર્મગ્રંથ / તત્ત્વાર્થસૂત્ર ભણ્યા તો તે સાથે આવશે ?

<u>સમાધાન</u>: ના. તે સાથે ના આવે પણ તત્ત્વાર્થસૂત્ર કે જ્ઞાનસાર, કર્મગ્રંથ ભણવાથી જે <u>જ્ઞાનનો ક્ષયોપશમ</u> થયો તે જરૂર સાથે આવશે.

<u>શંકા</u>: તો આપણે શું પ્રયત્ન કરવો જોઈએ ?

ઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય) ને તોડવાનો પ્રયત્ન કરવો. જેટલા પ્રમાણમાં ઘાતી કર્મો તૂટે તેટલા આત્માના ગુણો ઉઘડે. આ ભવમાં ગુણો મેળવીએ તો ભવાન્તરમાં જન્મતાની સાથે એ ગુણો સાથે આવશે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ શ્રુતજ્ઞાનના માધ્યમથી થવાની છે. એટલે જ્ઞાન ગુણ કેળવવા માટે જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોનું બહુમાન કરવું.

યો ન મુહ્યતિ લગ્નેષુ, ભાવેષ્વૌદયિકાદિષુ
આકાશમિવ પઙ્કેન, નાસૌ પાપેન લિપ્યતે

શ્લોકાર્થ: પૂર્વબદ્ધ કર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલ ઔદયિક ભાવોમાં જે આત્મા મોહ પામતો નથી, તે (આત્મા) જેમ કાદવ વડે આકાશ ન લેપાય તેમ પાપકર્મથી લેપાતો નથી.

ભાવાર્થ: જીવમાં ભિન્ન ભિન્ન અનેક ગુણો રહેલા છે.
ગુણોના મુખ્ય કારણો પાંચ છે.
(૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (મિશ્ર)
(૪) ઔદયિક અને (૫) પારિણામિક.

(૧) ઔપશમિક ભાવ: મોહનીય કર્મના ઉપશમથી એટલે કે કર્મના ઉદયને રોકવાથી (દબાવવાથી) જીવમાં જે ગુણ પ્રાપ્ત થાય તેને ઔપશમિક ભાવ કહેવાય છે.

(૨) ક્ષાયિક ભાવ: ચાર ઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય)ના સર્વથા ક્ષયથી જે ગુણો ઉત્પન્ન થાય તેને ક્ષાયિક ભાવ કહેવાય છે.

(૩) ક્ષાયોપશમિક ભાવ: કર્મોના ક્ષય અને ઉપશમ એમ બંનેના મિશ્રણથી ઉત્પન્ન થતો ભાવ તે ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે.

(૪) ઔદયિક ભાવ: કર્મોના ઉદયથી થતા ભાવોને ઔદયિકભાવ કહેવાય છે. ઉદય એટલે કર્મના ફળનો અનુભવ.

(૫) પારિણામિક ભાવ: પરિણામથી (સહજ સ્વભાવથી) ઉત્પન્ન થતા ભાવોને પારિણામિક ભાવ કહેવાય છે. પરિણામ એટલે દ્રવ્યનું પોતાનું સ્વરૂપ, જેમ કે સાકરમાં રહેલી મીઠાશ, લીમડામાં રહેલી કડવાશ.

ભવ્યપણું, અભવ્યપણું, જીવમાં રહેલું જીવપણું એ પારિણામિક ભાવ છે. પારિણામિક ભાવમાં કર્મ નિમિત્તની જરૂર રહેતી નથી.

શુભ કે અશુભ કર્મોના ઉદયથી જે સામગ્રી પ્રાપ્ત થાય તેને ઉપર કહ્યું તેમ ઔદયિક કહેવાય. તેના પ્રત્યે થતો મોહનો પરિણામ તે ઔદયિકભાવ છે. તે બધું જ હેય (છોડવા જેવું) છે.

કર્મ હેય છે માટે કર્મના ઉદયથી જે મળે તે બધું જ હેય છે. પુણ્ય કર્મ શાતા આપે છે માટે હેય કે ઉપાદેય? ઉપાદેય એટલે આચરવા જેવું (ન છોડવા જેવું). પુણ્ય પણ કર્મની જ દેન છે માટે તે શરૂઆતમાં ઉપાદેય પણ આખરે હેય જ છે. સમતા એ આત્માનો ગુણ છે માટે તે ઉપાદેય છે.

આત્માના જ્ઞાનાદિ ગુણો સ્વરૂપ છે અને તે આત્મામાં જ છે. કર્મ હંમેશા આત્માની બહાર જ રહે છે માટે કર્મ આત્માની અંદરની વસ્તુ ન આપી શકે. કર્મનું નિકંદન કર્યા વિના આત્માની વસ્તુ મળે તેમ નથી. ગમે તેટલો પુણ્યનો ઉદય હોય તો પણ તે પુણ્ય, આત્માના એકે ગુણને પણ આપવા માટે સમર્થ નથી.

માટે કર્મ જાય ત્યારે જ ગુણની પ્રાપ્તિ થાય છે.
ટૂંકમાં કર્મના ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ થાય ત્યારે જ
ગુણ પ્રગટ થાય છે. આથી પુણ્યથી મળેલી સામગ્રીનો
આત્માના ગુણવૈભવ પ્રગટ કરવા ઉપયોગ કરી લેવો જોઈએ.

ભાવેષ્વૌદયિકાદિષુ = ભાવેષુ + ઔદયિકાદિષુ (ઔદયિક વિ. ભાવો)
પુણ્યના ઉદયથી સુખ, પાપના ઉદયથી દુઃખ,
લગ્નેષુ = લાગેલા (ભાવોમાં), યો ન મુહ્યતિ = આત્મા મોહ (પામતો) નથી

આકાશમિવ પઙ્કેન = આકાશ + ઇવ + પંકેન
= જેમ કાદવ વડે આકાશ લેપાતું નથી.

નાસૌ પાપેન લિપ્યતે = આત્મા (જીવ) પાપથી લેપાતો નથી.

~~આકાશ~~ ~~સૂત્ર~~ શ્લોકનો સાર:

આકાશ નિર્લેપ છે અને કાદવ એ લેપાવાના સ્વભાવવાળો છે,
તો પણ આકાશમાં (ઉછાળવાથી) ચોંટતો નથી. ભીંત પર ચોંટી જાય,
આપણી ઉપર ફેંકે તો કપડા પર ચોંટી જાય. આકાશમાં
પરિણમન થવાનો સ્વભાવ નથી માટે તે લેપાતો નથી

શંકા: આત્મા પરિણામી છે તો કેમ ન લેપાય ?
સમાધાન: પોતાના ગુણમાં પરિણામ પામે તો ન લેપાય, પરમાં જાય
તો જ લેપાય. અનાદિ કાળથી આત્મા પરના સંયોગના
કારણે તે પરરૂપે પરિણમે છે. સ્વરૂપથી આત્મા નિર્લેપ છે
અને સ્વભાવે વીતરાગ છે, તેથી જગતની કોઈપણ વસ્તુથી
આત્મા ખરડાઈ શકતો નથી પણ વર્તમાનમાં કર્મના
સંયોગથી આત્મા, પર-પુદ્ગલથી ખરડાયા વિના રહી શકતો
નથી. અને આ ભ્રાંતિ તોડવી ખૂબ જ જરૂરી છે.
વીતરાગ સ્વભાવમાં જો આત્મા પરિણત થાય (રહે) તો આ વાત
બની શકે.

પશ્યન્નેવ પરદ્રવ્યનાટકં પ્રતિપાટકમ્
ભવચક્રપુરસ્થોऽપિ નામૂઢઃ પરિખિદ્યતિ

<u>શ્લોકાર્થ</u>: અનાદિ અનંત કર્મ-પરિણામ રાજાના પાટનગર રૂપ ભવચક્ર નામના નગરમાં રહેવા છતાં એકેન્દ્રિયાદિ નગરની પોળે પોળે (શેરીએ શેરીએ) પરદ્રવ્યના જન્મ, જરા, મરણ આદિ નાટકને જોતો, મોહરહિત આત્મા ખેદ પામતો નથી.

<u>ભાવાર્થ</u>: જે આત્મા મોહમાં મૂઢ બનતો નથી, (ના મૂઢઃ = જ્ઞાની) તે ભવચક્રરૂપી નગરમાં રહેતા (ભવચક્રપુરસ્થોऽપિ) ખેદ પામતો નથી (ન પરિખિદ્યતિ). કારણ કે તે જગતને માત્ર જ્ઞાન-તત્ત્વદૃષ્ટિથી જ જુએ છે. જ્ઞાની વિચારો આત્મા ગુણ વડે સંસારમાં ફરવા નીકળે, અને પોળે પોળે, શેરીએ શેરીએ (પ્રતિપાટકમ્) પરદ્રવ્યરૂપ પુદ્ગલ દ્રવ્યના નાટક જુએ (પરદ્રવ્ય નાટકં), જન્મ, જરા, અને મરણ વગેરે વિચિત્ર પ્રકારનાં નાટકો ભજવાતા હોય છે. તેને જુએ છે છતાં તેને આશ્ચર્ય લાગતું નથી.

જે <u>આત્મા જગતના સ્વરૂપને અને 'સ્વ'ના સ્વરૂપને જાણે છે અને પોતાના સ્વભાવમાં સ્થિર રહે છે તે મૂઢ બનતો નથી.</u>

પોતાના આત્માને ભૂલી પર-સ્વભાવમાં લીનતાને મૂકતા છે અને પરને જોતા છતાં પણ સ્વભાવમાં લીન બને છે તે સમજતા.

~~કર્મ~~ કર્મકૃત અવસ્થાને જ જે જાણે તે મૂઢ બને છે અને તત્ત્વ-દૃષ્ટિથી જગતને જુએ-જાણે તે મૂઢ બનતા નથી પણ પોતાના સ્વરૂપને પ્રગટ કરવા ઉદ્યમી બને છે.

કર્મથી ઢંકાયેલા સ્વરૂપને પ્રગટ કરવું - તે સાધ્ય છે.

સાધનામાં સ્વરૂપની અવસ્થા ન પકડે અને વર્તમાન અવસ્થા પોતાની કે પારકાની જે પકડે છે તે આત્મા મોહને આધીન હોય છે. તેના કારણે આત્મા પર અઘાતીનું (શારીરનું) આવરણ આવી જાય છે તેથી સ્વરૂપ ઢંકાય છે.

શંકા: આત્મા અનુભૂતિ ક્યારે કરી શકે?

સમાધાન: બધી જ આરાધના વિધિપૂર્વક કરે તો પણ જો આત્માની અનુભૂતિનું લક્ષ ન હોય તો દેહ ભાવનો કારણે આત્માનુભૂતિ ન થાય. જ્યારે કાયા પ્રત્યે અનાસક્ત બને - દેહથી છૂટવાનો ભાવ પ્રબળ બને, ઉપયોગ પ્રબળ બને તો સહજ અનુભૂતિ આ થાય છે.

કર્મના ઉદય રૂપે બધા નાટકો ચાલે છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય વગેરે જુદી જુદી યોનિઓ છે. એકેન્દ્રિયના ભવમાં પણ અનેક વેશ, હીરા, માણેક, મોતી, માટી. આ બધા વેશનો

બોધને આવરણો રાગ થવા દઈએ છીએ. ફૂલો ખીલેલા બોધને તેમાં "રતિ" થાય અને કરમાયેલા બોધની 'અરતિ' થાય. ફૂલો પરની રતિ-અરતિને ઉતારવા માટે એ પુષ્પો પ્રભુના અંગે અર્પણ કરવાના છે. તે વખતે વિચારવાનું છે કે હે પ્રભુ! હવે મારી એવી સ્થિતિ આવે કે હું દ્રવ્ય પુષ્પો ચઢાવતો બંધ થઈ જાઉં અને તારી આજ્ઞા રૂપ પુષ્પોને ગ્રહણ કરીને તને અર્પણ કરું અર્થાત સર્વવિરતિ (સાધુ) ધર્મને પામું.

જગતમાં દરેકના વેશ, હાસ્ય વગેરે બોધનો જો મોહના પરિણામોમાં ભેળવીએ તો કર્મબંધ થાય છે માટે જ્ઞાની શું કરે? જ્ઞાની બધું જુએ પણ સ્વભાવમાં સ્થિર રહે, મોહને કાઢે.
અજ્ઞાની પણ બધું જુએ - પણ તે મોહવશ અસ્થિર પરિણામી બનતો જાય - સ્વભાવ તરફ ગતિ ન થાય. આ પુદ્‌ગલના વિષયકથી જ્ઞાની તેને હેય માની છૂટે છે ત્યારે અજ્ઞાની તેમાં વધારે ખૂંપતો જાય છે. જુદી જુદી અવસ્થાઓ એ કર્મનો સ્વભાવ છે, આત્માનો નહીં. જનમવું, મરવું, હસવું, બોલવું, નાચવું, કૂદવું, રડવું, આ બધું નાટક રૂપ લાગવું જોઈએ. કેમકે એ આત્માનો સ્વભાવ જ નહીં. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના તમામ જીવો જુદા જુદા નાટક કરી રહ્યા છે. તેથી વિવિધ બોધનો આવરણમાં મોહની વિવિધ પ્રકારની લાગણીઓ થાય છે. મોહના આ પરિણામને છોડવાના છે. વ્યવહારથી ધર્મક્રિયાને ધર્મ માન્યો અને તેમાં જ પૂર્ણતા માની - તેથી જ અપૂર્ણ રહ્યા. નિશ્ચયના લક્ષ વિનાનો વ્યવહાર એ શુદ્ધ વ્યવહાર નહીં.